# હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફીટ કરાવવાની મુદતમાં એક મહિનાનો વધારો

**૧૫મી ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીમાં HSRP ફીટ કરાવી લેવા તાકીદ HSRP ફીટ કરાવાની નાગરિકોની જરૂરિયાતનો ગેરલાભ લઇને બેફામ ચાર્જ વસુલતા ડીલરો સામે કડક પગલાં લેવાશે**

ગાંધીનગર, તા. ૪

વાહનોમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફીટ કરાવવાની મુદતમાં એક મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. હવે રાજ્યના તમામ વાહનચાલકોએ તા.૧૫ મી ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીમાં પોતાના વાહનોમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફીટ કરાવી લેવાની રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ કામગીરીની સમીક્ષા કરી હતી. વાહનચાલકો પરેશાન ન થાય, તેમને હાલાકી ન થાય અને લેભાગુ તત્વો નાગરિકોનો ગેરલાભ ન લઈ જાય એવા હેતુથી રાજ્ય સરકારે ઉચ્ચસ્તરિય સમીક્ષા પછી આ નિર્ણય કર્યો છે.

વાહનવ્યવહાર વિભાગની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પછી વાહનવ્યવહાર કમિશનરે જણાવ્યું હતુંકે, રાજ્યના તમામ જિલ્લાઓમાં આર.ટી.ઓ. કચેરીઓ તથા ડીલરોના વિશાળ નેટવર્ક દ્વારા હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફીટ કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વાહન ચાલકોમાં પણ જાગૃતિ આવી છે અને એસ.આર.પી. ફીટ કરાવવા માટે ઘસારો થયો છે. આવી સ્થિતિમાં નાગરિકોને હાલાકી ન પડે અને આવી સ્થિતિમાં નાગરિકો લે ભાગુ તત્વોનો ભોગ બનીને આર્થિક નૂકશાન ન કરે એ હેતુથી મુદત એક મહિનો લંબાવીને ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૮ કરવામાં આવી છે.

આર. ટી. ઓ. કચેરી ઉપરાંત હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ કરાવવા માટે વાહન ડીલર ખાતે પણ વ્યવસ્થા ઉભી કરવામં આવી છે. રાજ્ય સરકારે નક્કી કરેલો સર્વિસ ચાર્જ-દ્વિ ચક્રીય અને ત્રિ ચક્રીય વાહનો માટે રૂા. ૮૯ અને ચાર પૈડાવાળા તથા ભારે વાહનો માટે રૂા.૧૫૦નો વધારાનો સર્વિસ ચાર્જ ભરીને વાહનચાલકો ડીલરો પાસેથી આવી નંબર પ્લેટ ફીટ કરાવી શકે છે. રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક વાહન ડીલરો નાગરિકોની જરૂરિયાતનો ગેરલાભ ઉઠાવીને બેફામ ચાર્જ વસુલી રહ્યા છે. વાહન વ્યવહાર કમિશનરે આવા ડીલરો અને લેભાગુ તત્વોને ચેતવણી આપતાં જણાવ્યું છે કે, બેફામ ચાર્જ વસુલતા ડીલરો અને લેભાગુ તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે એટલું જ નહીં તેમની ડીલરશીપ કેન્સલ કરવા સુધીની પણ કાર્યવાહી થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર





ખાદ્ય-ખોરાક પ્રદર્શન - ગાંધીનગર એક્ઝીબીશન સેન્ટર ખાતે વધુ એક પ્રદર્શન આકર્ષણ જમાવી રહ્યું છે... ખાદ્ય-ખોરાકના શિર્ષક હેઠળ યોજાયેલ પ્રદર્શનમાં નાના મોટા અનેક રસોઈના સાધનો, ખાદ્ય સુરક્ષાના અવનવા સંશોધનો, તથા અવનવી વાનગી માટેની રસમો ઉપરાંત પેક ફુડ અને ખાદ્ય અંગેની સામગ્રીનું પ્રદર્શન નાગરિકોમાં આકર્ષણ જમાવી રહ્યું છે... પ્રદર્શન નિહાળવા આવતા હજ્જારો મુલાકાતીઓને પગલે શહેરના માર્ગો વાહનો છલકાઈ જાય છે...

# શહેરમાં તીવ્ર ઠંડીનો ચમકારો

**એક જ દિવસમાં દોઢ ડીગ્રી પારો ગગડી જતા તીવ્ર ઠંડીનો ચમકારો : જનજીવન પર ભારે અસર : લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે.**

ગાંધીનગર, તા. ૪

ઉત્તરભારતમાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલી હાડ થીજવતી ઠંડીના કારણે ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળ્યુ છે. એક જ દિવસમાં દોઢ ડીગ્રી જેટલુ તાપમાન ઘટતા લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે. નોંધાયું છે. આગામી ૭૨ કલાકમાં ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર અને ઉત્તરભારતના કેટલાક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી બરફવર્ષા થઈ રહી છે. છેક રાજસ્થાન-દિલ્હી સુધી ઘુમ્મસની ચાદર પથરાયેલી છે. માઉન્ટ આબુમાં પારો માઈનસમાં પહોંચી ગયો છે. ઉત્તરભારતમાં પડી રહેલી કાતિલ ઠંડીની સીધી અસર ગુજરાતમાં થઈ રહી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હાડ થીજવતી ઠંડી અનુભવાઈ રહી છે.

પાટનગર ગાંધીનગર પણ ઠંડીની ચપેટમાં આવી ગયુ છે. સૂર્યાસ્ત થતાં જ આકરી ઠંડી શહેરને રીતસર બાનમાં લઈ લે છે. સાંજ પડતાં જ વસાહતીઓ ઘરમાં પુરાઈ જાય છે. ઠંડીની સીધી અસર જનજીવન પર પડતાં રાત્રે દસ વાગ્યા પછી શહેર જાણે સુમસામ બની જાય છે. ખાસ કરીને શહેરના આંતરિક માર્ગો પર જાણે કર્ફ્યુ લાગ્યો હોય તેવુ જોવા મળે છે. ઠંડીથી રાહત મેળવવા વસાહતીઓ તાપણા કે કોલસાની સગડીનો ઉપયોગ કરતા નજરે ચઢે છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકોની હાલત વધુ કફોડી બની છે. બાળકોને સ્વેટર, કોટ સહિત હાથ-મોંજા અને મોઢા પર રૂમાલ બાંધવો પડે છે. સૂર્યોદય પછી છેક નવ વાગે થોડીક ચહલપહલ જોવા મળે છે.

ઉત્તરભારતમાં હજુ હીમવર્ષા ચાલુ હોવાથી આગામી દિવસોમાં વધુ ઠંડી પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. કેટલાક વિસ્તારોમાં પારો ૫ કે ૬ ડિગ્રી સુધી ગગડી શકે છે. આગામી બે દિવસ વધુ આકરા બનશે.

# જીયોગ્રાફીકલ ઈન્ફર્મેશન સિસ્ટમ અને એપ મનપા દ્વારા ડેવલપ કરાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારને આવરી લેતી એક જીયોગ્રાફીક ઈન્ફર્મેશન સિસ્ટમ સ્માર્ટ સીટી અંતર્ગત ડેવલપ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ સિસ્ટમ ડેવલપ કરતા અગાઉ બાયસેગની મદદથી સમગ્ર શહેરની હદ અને તેમાં ડેવલપ થયેલા વિસ્તારો દર્શાવતો એક ફોટોગ્રાફ્સ લેવાશે.

આ પછી ડોર ટુ ડોર સર્વે કરી અને મિલ્કતો વિશેની વિગતોનો ડેટા તૈયાર કરવામાં આવશે. આમ થવાથી શહેરની તમામ ભૌગોલિક અને ભૌતિક વિગતો એક એપ પર જ અવેલેબલ થશે. આ માટે કોર્પોરેશનની કચેરી ખાતે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ ઉભુ કરવામાં આવશે.

આ સાથે ટ્રાફિક મેનેજમેન્ટનું પણ નવતર અભિગમ સાથેનું સોફ્ટવેર કનેક્ટ કરવામાં આવશે. ૪૦થી વધુ સ્ક્રીન પર આ બધુ દેખાશે.

શહેરને આ સમગ્ર સિસ્ટમથી મિલ્કતવેરાની આવકમાં વૃદ્ધિ થશે કારણ કે મિલ્કતો સંબંધી નાનામાં નાની જાણકારી ઉપલબ્ધ બનશે. એટલુ જ નહિ શહેરમાં વધતા જતા ગેરકાયદે બાંધકામો અને દબાણોને પણ નિયંત્રિત કરી શકાશે.

મળતી વિગતો પ્રમાણે આ માટે ટેન્ડરીંગ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જે ટુંક સમયમાં જ થઈ જતાં તેની એજન્સી નિયત કરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે.

# પ્રવિણ તોગડિયા સહિત ૩૯ નેતાઓ સામે ધરપકડ વોરંટ

અમદાવાદ, તા. ૪

વિશ્વ હિન્દુ પરિષદના ફાયર બ્રાન્ડ નેતા પ્રવિણ તોગડીયા અને ભાજપના ધારાસભ્ય બાબુ જમના પટેલ સહિત ભાજપના ૩૯ નેતાઓના બિનજામીન પાત્ર ધરપકડના વોરંટ અમદાવાદ કોર્ટે ઈસ્યુ કર્યા છે. કોર્ટે પોલીસને તાકીદ કરી છે કે આ તમામ આરોપીની ધરપકડ કરી તેમને ૩૦ જાન્યુઆરીના રોજ કોર્ટ સામે રજુ કરવા. ૧૯૯૬માં અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં થયેલી ઘટનામાં તમામ આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. ૨૧ વર્ષથી આ કેસ કોર્ટ સામે પડી રહ્યો હતો, જે ફરી ચાલવા ઉપર છે.






અમદાવાદ કોર્ટ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલા વોરંટમાં ડૉ. પ્રવિણ તોગડીયા સહિત ભાજપના ધારાસભ્ય બાબુ જમના પટેલ, ઈલેશ પટેલ, ભાજપના કોર્પોરેટર કૃષ્ણવદન બ્રહ્મભટ્ટ, અને એડવોકેટ મિનેશ વાઘેલા જેવા મોટા માથાઓનો સમાવેશ થાય છે. આ તમામને ૩૦ જાન્યુઆરીના રોજ કોર્ટ સામે પોલીસે રજુ કરવાના રહેશે. તા. ૨૦મી મે ૧૯૯૬ના રોજ નોંધાયેલા ગુના અનુસાર અમદાવાદ સરદાર પટેલ

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી

**નવનીતલાલ શિવશંકર શુક્લ**

(પેથાપુર પેટ્રોલપંપવાળા)નું

તા. ૩૧/૧૨/૨૦૧૭ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૬/૧/૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

: સ્થળ :

જાગેશ્વર મહાદેવની વાડી, બસ સ્ટેન્ડ પાસે, રાંધેજા, જી. ગાંધીનગર

ગં. સ્વ. અનસુયાબેન નવનીતલાલ શુકલ (પત્ની)

સ્વ. દેવપ્રસાદ શિવશંકર શુકલ (ભાઈ)
હર્ષદભાઈ શિવશંકર શુકલ (ભાઈ)
દેવયાની ચંદ્રવદન પંચોલી (પુત્રી)
ચંદ્રવદન જયંતિલાલ પંચોલી (જમાઈ)
યોગેશ નવનીતલાલ શુકલ (પુત્ર)
ઉપેન્દ્ર નવનીતલાલ શુકલ (પુત્ર)
હરેશ નવનીતલાલ શુકલ (પુત્ર)

જય, ડોલી, વિશાલ, જૈનિષ, જાનકી, જૈનમ, ખુશ્બુ, જીત

**તથા સમસ્ત શુકલ પરિવાર**


## વિરોધપક્ષના નેતાના નામની જાહેરાત બે દિવસમાં

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસપક્ષના નેતા(વિરોધ પક્ષના નેતા) તરીકે યોગ્ય ઉમેદવારની પસંદગીને લઈ છેલ્લા કેટલાક દિવસોથી બહુ મહત્વની કવાયત ચાલી છે અને છેલ્લા બે દિવસથી કોંગ્રેસમાં મેરેથોન બેઠકોનો દોર ચાલ્યો હતો. જેમાં રાષ્ટ્રીય નીરીક્ષકો જીતેન્દ્રસિંહ અને પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓ ખાસ હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય નીરીક્ષકોએ ચૂંટાયેલા ધારાસભ્યો અને કોંગ્રેસના સ્થાનિક નેતાઓની વાત અને રજૂઆત સાંભળ્યા હતા અને હવે તેઓ કોંગ્રેસ હાઈકમાન્ડને સમગ્ર રિપોર્ટ રજૂ કરશે, જેના આધારે હાઈકમાન્ડ એટલે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી જ કોંગ્રેસપક્ષના નેતા(વિપક્ષના નેતા)નું નામ નક્કી કરશે. બે દિવસમાં કોંગ્રેસ પક્ષના નેતાનું નામ જાહેર કરી દેવાય તેવી શકયતા છે. જેમાં અમરેલીના યુવા ધારાસભ્ય પરેશ ધાનાણીનું નામ રેસમાં સૌથી આગળ અને લગભગ નક્કી જેવું જ છે.

# આંદોલનની અસરથી ગાંધીનગરથી સોમનાથ રૂટની બસસેવા ખોરવાઈ

**ગાંધીનગર સૌરાષ્ટ્ર વચ્ચે વેરાવળ ,સોમનાથ, કેશોદ અને જુનાગઢ રૂટ વચ્ચે બસ સેવા ખોરવાઇ : મુસાફરો અટવાયા**

ગાંધીનગર તા ૪

મહારાષ્ટ્રમાં દલિત અને મરાઠાઓ વચ્ચે વિવાદના લીધે હિંસા ફાટી નિકળી હતી. જયારે મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં પણ દલિત આંદોલનના તોફાનની અસર જોવા મળી છે. સુરત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં આગચંપીના બનાવો પ્રકાશમાં આવ્યા છે. જયારે ધોરાજી ઉપલેટા હાઈવે પર બસ સળગાવી દેવાનો પણ બનાવ પ્રકાશમાં આવ્યો છે. તોફાનની અસર વચ્ચે આજે ગાંધીનગર સૌરાષ્ટ્ર રૂટ વચ્ચેની બસો બંધ રહી હતી. જેમાં જુનાગઢ , વેરાવળ સોમનાથ અને કેશોદ તરફની બસોનો વ્યવ્હાર ખોરવાયો હતો. ગાંધીનગરમાં સૌરાષ્ટ્રના આ રૂટની એકપણ બસ આવી ન હતી. જયારે અહીંથી વેરાવળ સોમનાથ રૂટમાં પણ મુસાફરોને બસ સેવા મળી ન હતી. જેના લીધે આ રૂટના મુસાફરો પણ મુંઝવણમાં મુકાયા હતા.

મહારાષ્ટ્રમાં દલિત મરાઠા વિવાદ હિંસક બનતા મુંબઈ સહીતના અનેકવિધ શહેરોમાં પણ તેની અસર વર્તાઇ છે. જયારે મહારાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ ગુજરાતના સુરત સહીત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ દલિત આંદોલનના તોફાનની અસર વર્તાઇ છે. ગઈકાલે પણ સુરતના ઉધના રેલવે સ્ટેશન પર ટ્રેઈનને અટકાવી દેવાઇ હતી. જયારે દુકાનો પર પત્થરમારો થયો હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી હતી. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ ધોરાજી ઉપલેટા હાઈવે પર બસને આગ ચાંપવાનો બનાવ બનવા પામ્યો હતો. સુરત મહારાષ્ટ્ર રૂટમાં દોડતી બસોને પણ અટકાવી દેવામાં આવતા એસ ટી તંત્ર દ્વારા શિરડી, નાસિક ઔરંગાબાદ તરફની બસો રદ કરવામાં આવી હતી. જયારે સૌરાષ્ટ્ર વિસ્તારના કેટલાક શહેરોમાં પણ વિવાદના લીધે તોફાનની અસર વર્તાઇ રહી છે. જેના લીધે આ તરફના રૂટની એસ ટી બસ સેવા પણ પ્રભાવિત થઇ છે. ગાંધીનગરથી વેરાવળ , સોમનાથ , કેશોદ જુનાગઢ રૂટની બસ સેવા આજે ઠપ્પ થઇ ગઇ હતી. ગાંધીનગર ડેપોમાંથી ઉપડતી આ રૂટની બસ સેવા આજે ઠપ્પ થઈ જતા મુસાફરોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે સૌરાષ્ટ્ર વિસ્તારના આ રૂટમાંથી પણ એકપણ બસ ગાંધીનગર ડેપો આવી ન હતી. જેના લીધે ગાંધીનગર અને સૌરાષ્ટ્ર રૂટ વચ્ચેના બસ સેવા ખોરવાતા સ્થાનિકોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જો કે જામનગર સહીતના રૂટમાં બસ સેવા યથાવત રહી હતી. પરંતુ સૌરાષ્ટ્ર થી ગાંધીનગર ડેપો આવતી બસ આજે બંધ રહેતા ખાસ કરીને જુનાગઢ ,વેરાવળ અને સોમનાથ રૂટના મુસાફરો અટવાયા હતા.


## 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગર અને ઈમેજ પબ્લિકેશન, મુંબઈ દ્વારા પ્રસ્તુત 'ત્રિવેણી-સંગમ' ઉત્સવ

ઉપક્રમો : (૧) પુસ્તક-વિમોચન 'મારું શહેર' (વિવિધ વ્યક્તિઓ દ્વારા દેશ-પરદેશના ૪૫ નગરની તાસીર અને તસવીરને આવરતો સંચય), તે પુસ્તક પર પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરનું ઉદ્‌બોધન,
(૨) ખ્યાતનામ ગઝલકાર જનાબ ખલીલ ધનતેજવી દ્વારા કાવ્ય પઠન
(૩) વિવિધ શહેરોની રસપ્રદ વાતોને વણી લેતી નાટ્યાત્મક પ્રસ્તુતી.

નિર્માણ : સંજય ગોરડિયા પ્રોડકશન ● દિગ્દર્શન : વિપુલ મહેતા
કલાકાર : મીનલ પટેલ, ઉત્કર્ષ મઝુમદાર, ચિરાગ વોરા, નમ્રતા પાઠક, મેઘના સોલંકી, પરેશ ભટ્ટ, ખંજન થુંબર
વિશેષ ઉપસ્થિતિ-જાણીતા ફિલ્મી કલાકાર : શ્રી મલ્હાર ઠાકર - 'લવની ભવાઈ' ફેમ

તારીખ : ૮-૦૧-૨૦૧૮ (સોમવાર) ● સમય : રાત્રે ૯-૧૫ કલાકે ● સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર

સભ્યશ્રીઓને નિમંત્રણ મોકલાઈ ગયા છે.
ન મળ્યા હોય તો શ્રી સુખદેવ પટેલનો મો. નં. ૯૯૯૮૮૦૪૯૪ પર સંપર્ક સાધવો.

ઉત્પલ ભાયાણી
ઈમેજ પબ્લિકેશન,
મુંબઈ

રમેશ પટેલ
પ્રમુખ
સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com